જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૨/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૯૪/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૦૩ | ૧૨ | ૧૦૯૧૫ | ૧૭૦૩૨ | ૧૨ | ૧૭૦૪૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૫૧૨ | ૨૨ | ૪૫૩૪ | ૬૦૩૩ | ૨૨ | ૬૦૫૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૬ | ૦ | ૫૬ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૭૨૪૮ | ૩૪૩ | ૧૭૫૯૧ | ૧૮૧૯૭ | ૩૫૫ | ૧૮૫૫૨ |
| કુલ | | ૩૨૭૧૯ | ૩૭૭ | ૩૩૦૯૬ | ૪૧૪૯૬ | ૩૮૯ | ૪૧૮૮૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૬ | ૧૨,૨૩,૯૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૪૧૮ | ૨૪,૧૮,૦૦૦/- |

# ચોરીના આરોપીની અટકાયતની વિગત

## ક્રાઈમ બ્રાન્ચ

## એક આરોપીને મોબાઇલ ફોન નંગ -૨ કિંમત રૂ. ૪૮૦૦૦/- ની મત્તાના સાથે પકડી મોબાઇલ ચોરીના કુલ-૨ ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ.

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મોબાઇલ સ્નેચીંગ/ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના આપવામાં આવેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઈ. શ્રી વાય.જી.ગુર્જર નાઓ સ્કોડના માણસો સાથે આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.03/૧૨/૨૦૨૦ ના રોજ સ્ટાફના પો.કો.દર્શનસિંહ પ્રવીણસિંહ તથા પો.કો કિરણકુમાર ચંદુભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે સરદારનગર નોબલનગર ઈન્ડીકેપ ત્રણ રસ્તા પાસેથી આરોપી વિશાલ ઉર્ફે પીકે સન/ઓફ નરેશભાઈ બુધાભાઈ વોરા ઉ.વ.૨૧ રહેવાસી: મ.નં.૬૭ નીલકમલ સોસાયટી ગેલેક્ષી અંડરબ્રીજ પાસે નરોડા અમદાવાદ શહેર નાઓને (૧) એક કાળા કલરનો સેમસંગ કંપનીનો નોટ-9 પ્રો. મોબાઈલ ફોન કિં.રૂ.૪0000/- તથા (૨) એક બ્લ્યુ કલરનો ઓપ્પો કંપનીનો એ-9 મોડલનો મોબાઈલ ફોન કિં.રૂ.૮000/- મળી કુલ કિં.રૂ. ૪૮000/- ની મત્તાનો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧0૨ મુજબ કબજે લઇ આરોપીને તા.03/૧૨/૨૦૨૦ ના કલાક ૧૬/30 વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ બાબતે નરોડા તથા ખોખરા પો.સ્ટે. ના ગુન્હાઓ શોધાયેલ છે.

## આરોપીનો પુર્વ ઇતિહાસ

પકડાયેલ આરોપી દોઢેક વર્ષ અગાઉ નરોડા પોલીસ સ્ટેશનમાં મારામારીના ગુનામાં તેમજ સને-૨૦૧૯ માં સરદારનગર પોલીસ સ્ટેશનમાં મારામારીના તથા મોબાઈલ ચોરીના ગુનામાં પકડાયેલ છે અને પાસા હેઠળ પણ જઈ આવેલ છે.

## કુલ ૦૨ ગુન્હાઓ આચરેલ હોવાની કબુલાત

(૧) આજથી છએક દિવસ અગાઉ રાત્રિના આશરે બે વાગે નરોડા ગેલેક્ષી સિનેમા પાછળ આવેલ શ્રીજી બંગ્લોઝ ખાતે એક મકાનની બારી ખુલ્લી હોય તેમાંથી સેમસંગ કંપનીનો નોટ-૯ પ્રો. મોબાઈલ ફોનની ચોરી કરેલ.

(૨) આજથી દોઢેક માસ અગાઉ રાત્રિના આશરે સાડા બારેક વાગે સી.ટી.એમ. હીરાબા પાર્ટી પ્લોટ પાસે નજીકમાં આવેલ સ્વામીનારાયણ સોસાયટીમાં એક મકાનના ધાબા ઉપરથી ઓપ્પો કંપનીનો એ-૯ ૨૦૨૦ મોડલનો મોબાઈલ ફોનની ચોરી કરેલ.

## શોધાયેલ ગુન્હા

(૧) નરોડા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫ ૨૦૨૬૩૫/૨૦૨૦ ઈ.પી.કો. ૩૭૯

(૨) ખોખરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૩ ૨૦૧૧૪૭/૨૦૨૦ ઈ.પી.કો. ૩૭૯

ઉપરોકત પકડાયેલ આરોપીએ આ સિવાય અન્ય આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ ? તે બાબતે તેની પુછપરછ ચાલુ છે.

# બળજબરીથી પૈસા પડાવી લેતી ગેંગના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## "નકલી પોલીસ બનીને પબ્લીક પાસેથી બળજબરીથી પૈસા પડાવી લેતી ગેંગના બે આરોપીને પકડી પાડતી નરોડા પોલીસ સર્વેલન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ વિસ્તારમાં નકલી પોલીસ બનીને પબ્લીક પાસેથી બળજબરીથી પૈસા પડાવી લેવાના બનાવો બનતા હોઇ જે ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન અનુસંધાને સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા માણસોએ પેટ્રોલીંગ હતા.દરમ્યાન નરોડા બેઠક ત્રણ રસ્તા પાસે આવતા એ.એસ.આઇ.જેઠાભાઇ બહેચરભાઇ બ.નં.૮૦૩૨ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ નાઓની સંયુક્ત બાતમી હક્કિત આધારે નરોડા પોલીસ સ્ટેશન એ પાર્ટ-ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૨૬૬૨/૨૦૨૦ ધી ઇપીકો કલમ ,૩૮૪,૧૭૦,૧૧૪, મુજબના ગુનાના કામના આરોપી "(૧) અમિત ઉર્ફે ભુરીયો સ/ઓ કનૈયાલાલ જાતે- નાગર ઉ.વ.૩૫ ધંધો.રી.ડ્રા રહે- એ/૧૦૨ ધર્મધ્યાન ફ્લેટ રામોલ ટોલનાકાની સામે રામોલ અમદાવાદ શહેર+૧ =૨ નાને ઉપરોક્ત ગુનાના કામે તા.૩/૧૨/૨૦૨૦ ના કલાક ૨૩/૫૦ વાગે પકડી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૦૪/૧૨/૨૦૨૦.

## આરોપીનુ નામ

(૧) અમિત ઉર્ફે ભુરીયો સ/ઓ કનૈયાલાલ જાતે- નાગર ઉ.વ.૩૫ ધંધો.રી.ડ્રા રહે- એ/૧૦૨ ધર્મધ્યાન ફ્લેટ રામોલ ટોલનાકાની સામે રામોલ અમદાવાદ શહેર

(૨) યુનુસ સ/ઓ નાસીરખાન જાતે-રાણા ઉ.વ.૩૩ ધંધો.નોકરી(CRPF) રહે- ઇ/૨૦૩ નસીમપાર્ક રામોલ વસ્ત્રાલ રોડ ટોલ નાકાની બાજુમાં રામોલ અમદાવાદ શહેર

## આરોપીનો ગુનાહિત ઇતીહાસ

(૧)નરોડા પોલીસ સ્ટેશન એ પાર્ટ-ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૨૬૬૨/૨૦૨૦ ધી ઇપીકો કલમ ,૩૮૪,૧૭૦,૧૧૪, મુજબ

(૨)શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૦૧૫૮/૨૦૧૭ ધી ઇપીકો કલમ ,૩૮૪,૧૭૦,૧૧૪, મુજબ

(૩)અમરાઇઅવાડી પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૦૧૦૩/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૫૦૭ મુજબ

<u>**કામગીરી કરનાર અધિકારી / કર્મચારી**</u>

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ તથા પો.કોન્સ વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કોન્સ પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કો. પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા વિક્રમ પ્રેમાસિંહ બન.૧૨૪૨૨



# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન એક આરોપીને ભારતીય બનાવટના ઇંગ્લીશદારૂની બોટલ નંગ -૧૨ કિંમત રૂ.૬૦૦૦/- તથા ઓટો રીક્ષા જેની કિરૂ, ૪૧,૦૦૦/-મુદામાલ સાથે પકડી પાડતી – નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી એચ.કે.સોલંકી સાહેબ નાઓની સુચના આધારે પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.કે.સોલંકી નાઓની સુચના મુજબ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા. ખાનગી બાતમી હકીકત આધારે "નરોડા સ્મશાન ચાર રસ્તા ખાતે" જાહેરમાં થી એક આરોપી નામે અરૂણકુમાર રમેશચંન્દ્ર જાતે.દિક્ષીત ઉ.વ.૩૬ ધંધો.રી.ડ્રા રહે- સી/૫૦૪ બાપાશ્રી પામ દિવ્યરેશીડેંસીની સામે મનમોહનનગર ચાર રસ્તા નિકોલ અમદાવાદ શહેરનાને ભારતીય બનાવટના ઇંગ્લીશદારૂની બોટલ નંગ નંગ-૧૨ કિંમત રૂ.૬૦૦૦/- તથા એન.જી. ઓટોરીક્ષા જેની કિરૂ,૩૫૦૦૦/- મત્તાની કુલ્લે મુદામાલ ૪૧૦૦૦/- સાથે તા.૦૩/૧૨/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગે વિરુધ્ધ ધી પ્રોહી કલમ - ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫એ.ઇ, ૧૧૬(બી), ૯૮(૨) મુજબના ગુન્હો દાખલ કરી સારી કામગીરી કરેલ છે. તા.૦૪/૧૨/૨૦૨૦

### આરોપીનુ નામ

અરૂણકુમાર રમેશચંન્દ્ર જાતે.દિક્ષીત ઉ.વ.૩૬ ધંધો.રી.ડ્રા રહે- સી/૫૦૪ બાપાશ્રી પામ દિવ્યરેશીડેંસીની સામે મનમોહનનગર ચાર રસ્તા નિકોલ અમદાવાદ શહેર

**મુદ્દામાલ**ભારતીય બનાવટના ઇંગ્લીશદારૂની બોટલ નંગ નંગ-૧૨ કિંમત રૂ.૬૦૦૦/- તથા એન.જી. ઓટોરીક્ષા જેની કિરૂ,૩૫૦૦૦/- મત્તાની કુલ્લે મુદામાલ ૪૧૦૦૦/-

### કામગીરી કરનાર કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ. જેઠાભાઇ બેચરભાઇ બ.નં- ૮૦૩૨ તથા પો.કો. નારણભાઇ રાણસીભાઇ બ.નં- ૧૧૬૬ તથા પો.કો. દેવેન્દ્રસિંહ ભીખુભા બ.નં.૨૫૧ તથા પો.કો.લાલાભાઇ રચાભાઇ બ.નં-૧૩૨૪



# પાસા અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબ શ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબ શ્રી. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં- PCB/DTN/PASA/1240/2020 તા. 03/12/2020 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા. ૦૪/૧૨/૨૦૨૦

## પાસા અટકાયતી

શૈલેષભાઇ દામજીભાઇ મનજીભાઇ ગજેરા, લેઉવા પટેલ, ઉવ. ૩૬, રહેવાસી. બી/૧૭, સૌરાષ્ટ્ર સોસાયટી, વિભાગ-૨, અશ્વિનીકુમાર રોડ (એ.કે. રોડ) સુરત મુળ વતન કીકરિયા તા. મહુવા જિ. ભાવનગર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ તથા એ.એસ.આઇ. અળખાભાઇ કરશનભાઇ બ.નં-૮૬૧૫ તથા અ.પો.કો.બીજલભાઇ શામળભાઇ બ.નં.૧૦૩૫૮ તથા અ.પો.કો. ગુલાબભાઇ જગદીશભાઇ બ.નં. ૧૦૧૯૫ તથા અ.પો.કો. જયદીપસિંહ દેવસંગભાઇ બ.નં.૧૧૯૪૯

## આનંદનગર પોલીસ સ્ટેશન

# જુગાર ધારા હેઠળ નિરવ હર્ષદભાઇ રાયચુરાની પાસા હેઠળ અટકાયત કરતી આનંદનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એન” ડીવીઝન નાઓ તરફથી સુચના મળેલ કે અગાઉ જુગારના કેસમા પકડાયેલ ઈસમો વિરુધ્ધ જરુરી અટકાયતી પગલા લેવા જે અનુસંધાને એસ.જે.બલોચ પોલીસ ઇન્સપેક્ટર નાઓના માર્ગદર્શન હેઠળ અગાઉ જુગારના ગુનામા પકડાયેલ આરોપી નિરવ હર્ષદભાઇ રાયચુરા (ઠક્કર) ઉ.વ-૩૮ રહે-મ.નં- ૩૩ રીવેરા ગ્રીન્સ ગોકુલ ધામ શાંતીપુરા સર્કલ પાસે સરખેજ સાણંદ અમદાવાદ શહેર નાની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અ’વાદશહેરનાઓના અટકાયતી હુકમ ક્રમાક પીસીબી/ ડીટીએન /પાસા/ ૧૨૪૭/૨૦૨૦ તા-0૩/૧૨/૨૦૨૦ આધારે સદરી પાસા અટકાયતીને તા-0૪/૧૨/૨૦૨૦ ના કલાક ૧૬/00 વાગે પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા હેઠળ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા-0૪/૧૨/૨૦૨૦

## પાસા અટકાયતી નામ

નિરવ હર્ષદભાઇ રાયચુરા (ઠક્કર)ઉ.વ-૩૮ રહે-મ.નં-૩૩ રીવેરા ગ્રીન્સ ગોકુલધામ શાંતીપુરા સર્કલ પાસે સરખેજ સાણંદ અમદાવાદ

## કામગીરી કરનાર -અધીકારી/કર્મચારી-

(૧)પો.સ.ઇન્સ કે.બી.મીર
(૨)અ.હે.કોન્સ વિજયદાન મોજદાન
(૪) હેકો અલ્પેશભાઈ કનૈયાલાલ
(૩ )અ.પો.કો વિજયભાઇ મગનભાઈ

## <u>ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન</u>

## <u>પાસા અટકાયતના આરોપીને પકડી પાલારા ભુજ જેલ ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ઇ" વિભાગ સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.એન.પરમાર ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/૧૨૪૮/૨૦૨૦ તા-૦૪/૧૨/૨૦૨૦ થી પાસા **અટકાયતી સંજુ ચન્દ્રપ્રકાશ શ્યામલાલ શર્મા ઉ.વ.૪૬ રહે- મ.નં.૨૪, મહાવીરપુરા, ઉરઇ તા.ઉરઇ જી.જાલૌદ ઉત્તરપ્રદેશ નાઓને પાલરા** જેલ ભુજ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા <u>સર્વેલન્સ સ્ક્વોડના પો.સ.ઇ.વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો</u> નાઓ બાતમી હકિક્ત આધારે પકડી પાડતા સદરી ઇસમને આજ રોજ તા-૦૪/૧૨/૨૦૨૦ રોજ હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસામાં પાલરા જેલ ભુજ ખાતે મોકલી આપેલ છે. તા-૦૪/૧૨/૨૦૨૦



## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્રોહિબીશનના ગુનામાં પકડાયેલ આરોપી નામે મિનેશ દિનેશભાઈ જાતે મિસ્ત્રી ઉ.વ.૩૫ ધંધો-છુટક મજુરી રહે.હાલમાં મ.નં.૩૮ તાતાનગર સોસાયટી, સિવિલ સ્ટાફ ક્વાર્ટસની સામે, મેઘાણીનગર, અમદાવાદ શહેર તથા મુળ રહે.બ્લોક નં.૧, વિલા સરકારી વસાહત, હનુમાન દાદાના મંદિરની બાજુમાં, આઈજીપી કમ્પાઉન્ડની અંદર, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ.સી.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૨૧૪૫/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ:-ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૨૫૩/૨૦૨૦ તા.૦૪/૧૨/૨૦૨૦ થી પાસા અટકાયતી તરીકે "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી પાસા અટકાયતી અટકાયતીને આજરોજ તા.૦૪/૧૨/૨૦૨૦ ના કલાક ૨૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.તા.૦૪/૧૨/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સબ ઇન્સ. એમ.એન.ચાવડા

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



## પીસીબી

## નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી મોબાઈલ ફોન ઉપર સટ્ટા બેટીંગનો જુગાર રમતા બે ઈસમોને કુલ રૂ.૩૫,૨૬૦/- ની મત્તાના મુદામાલ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર "પી.સી.બી."

મે. પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ કાર્યવાહી કરવા સુચના કરતા જે આધારે પીસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ તા.૫/૧૨/૨૦૨૦ ના રોજ સ્ટાફના મસઈ ધનરાજસિહ માનસિહ અહેકો દીપનારાયણ રાજનારાયણ , અહેકોચેતનસિંહ નટવરસિંહ, અહેકો જામસિહ રણુભા તથા અન્ય સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો જામસિહ રણુભા નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે ગણેશ પાન પાર્લર પાસે, કિરણ ડાયમંડની બાજુમાં, ખોડીયાર માતાના મંદિર સામે, નિકોલ, અમદાવાદ ખાતેથી આરોપીઓ (૧) વિજયભાઇ કિશોરભાઇ ગોહિલ ઉ.વ.૩૫, રહે. મ.નં.ડી/૧૭૭, કે.પી.રેસીડેન્સી, અવકાશપાર્ક પાસે, નિકોલ ગામ રોડ, નિકોલ, અમદાવાદ શહેર (૨) વિનોદ મુકુંદભાઇ પરાતે ઉ.વ.૩૭, રહે. મ.નં.બી/૫૦૬, વિક્ટોરીયા પોઇન્ટ, પાર્શ્વના ટાઉનશીપ પાસે, કૃષ્ણનગર, અમદાવાદ શહેર નાઓને મોબાઈલ ફોન ઉપર બોમ્બે વરલી મટકાનો સટ્ટા બેટીગનો આંક ફરકનો નાંણાની હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા રૂ.૨૫,૨૬૦/- તથા મોબાઇલ ફોનનંગ-૨ કિંમત રૂ. ૧૦,૦૦૦/ મળી કુલ કિંમત રૂ.૩૫,૨૬૦/- ની મત્તાના મુદામાલ સાથે પકડી પાડી તેમજ અન્ય એક આરોપીને વોન્ટેડ બતાવી તેઓની વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી નિકોલ પોલીસ સ્ટેશન ખાતે 'બી' પાર્ટ ગુ.ર.ન. ૧૧૧૯૧૦૧૫૨૦૧૨૭૦/૨૦૨૦ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### પકડાયેલ આરોપીઓ :

(૧) વિજયભાઇ કિશોરભાઇ ગોહિલ ઉ.વ.૩૫, રહે. મ.નં.ડી/૧૭૭, કે.પી.રેસીડેન્સી, અવકાશપાર્ક પાસે, નિકોલ ગામ રોડ, નિકોલ, અમદાવાદ શહેર
(૨) વિનોદ મુકુંદભાઇ પરાતે ઉ.વ.૩૭, રહે. મ.નં.બી/૫૦૬, વિક્ટોરીયા પોઇન્ટ, પાર્શ્વના ટાઉનશીપ પાસે, કૃષ્ણનગર, અમદાવાદ શહેર

### વોન્ટેડ:

વિશાલ સોની રહે. દશ માળીયા ફ્લેટ, ડી-માર્ટ પાસે, નિકોલ, અમદાવાદ

## ગુનાની જગ્યા :

ગણેશ પાન પાર્લર પાસે જાહેર માંથી, કિરણ ડાયમંડની બાજુમાં, ખોડીયાર માતાના મંદિર સામે નિકોલ, અમદાવાદ ખાતેથી

## પકડાયેલ મુદામાલ :

રોકડા રૂ. ૨૫,૨૬૦ /- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂ. ૧૦,૦૦૦/મળી કુલ કિંમત રૂ.૩૫,૨૬૦/- ની  મત્તાનો મુદામાલ



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૨૫૭ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૯૨,૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૭/૨૦૨૦**

**સાયબર ક્રાઈમ**ઃ નીમીષાબહેન વા/ઓ પંકજભાઈ શાહ (ઉ.વ.૫૭) (રહે. પહેલો માળ સાબર પાર્ક સોસાયટી ધર્મનગર સાબરમતી) એ તા.૦૪/૧૨/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૯/૨૦૨૦ પહેલા નીમીષાબહેનના મોબાઈલ નંબરનો ઉપયોગ કરી નીમીષાબહેનની જાણ બહાર અજાણી વ્યક્તિએ નીમીષાબહેનના કોટક મહેન્દ્રના ખાતા નંબર માંથી રૂપિયા ૨,૭૧,૩૫૯/- ઈન્ટરનેટના માધ્યમથી ડેબીટ કરી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એચ.પુવાર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૮/૨૦૨૦**

**એરપોર્ટ**ઃ કલેરાબહેન ડૉ/ઓ ઇમાનુએલ સુવેરા (રહે. તુલસી પાર્ક નાના ચિલોડા) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.03/૧૨/૨૦૨૦ કલાક ૧૨/00 થી તા.0૪/૧૨/૨૦૨૦ કલાક ૮/00 વાગ્યા દરમ્યાન કોતરપુર ગામ ખાતે આવેલ મ્યુનિસીપલ શાળા નંબર-૧,૨ ના રૂમના તાળા તોડી અજાણી વ્યક્તિ શાળામાં પ્રવેશ કરી ફીલીપસ કંપનીનુ ૫૫ ઈંચનુ એલઈડી ટીવી કિમત રૂપિયા ૧0,000/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પ્રજાપતી ચલાવે છે.

**કાગડાપીઠ**ઃ અનિતાબહેન ડો/ઓ બાલુભાઇ ચુનારા (રહે. કંટોડીયાવાસ અંકુર મીલની ગલી રાયપુર દરવાજા બહાર) એ તા.0૪/૧૨/૨૦૨૦ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૧/૨૦૨૦ સાજના ૫/00 થી તા.૨૩/૧૧/૨૦૨૦ બપોરના ૨/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, એક જોડ હાથી દાંતના બલીયા અને રોકડ રૂપિયા ૪૫00/- મળી કુલ રૂપિયા ૧,૯૧,૫00/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

## <u>ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૯૯/૨૦૨૦</u>

**નરોડાઃ** અંકિતભાઇ કાંતીભાઇ પટેલ (રહે. સદગુરુ પાર્ક સ્વામિનારાયણ પાર્કની બાજુમા નિકોલ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નરોડા વિઠલ પ્લાઝા જી.ઇ.બી.ની દુકાન નંબર-૨૫ ઓફીસની સામે સારથી ટાયર એન્ડ બેટરી નામની પોતાની દુકાનમાંથી અંકિતભાઈની નજર ચુકવી અજાણ્યો પુરૂષ દુકાનના ટેબલના ડ્રેઅરના ખાનામાંથી રોકડ રૂપિયા ૧,૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

**પાલડીઃ** યાકુબભાઇ મહેબુબભાઇ મનસુરી શેખ (રહે.પઠાણની ચાલી સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૨/૨૦૨૦ રાતના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પાલડી જમાલપુર ફુલબજાર થી સરદારબ્રીજ એન.આઇ.ડી.સર્કલ વચ્ચે આઇસર ગાડીમાંથી સુકા મરચાની બોરી નંગ-૬ કિમત રૂપિયા ૪૮,૦૦૦/- અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

## <u>પર્સ ઝુટવી લઈ ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૧૦૦/૨૦૨૦</u>

**એલીસબ્રીજઃ** પુનમબહેન ડો/ઓ સુરજકુમાર બૈરાંગી (ઉ.વ.૩૧) (રહે. શ્વેતાંગ એપાર્ટમેન્ટ જોધપુર ચાર રસ્તા) તા.૦૪/૧૨/૨૦૧૮ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે સી.ટી.એમ.ચાર રસ્તાથી નવરંગપુરા જવા માટે શટલ ઓટો રીક્ષામાં બેસી ધુળીયા કોટ સર્કલથી બંગ્લા નંબર-૩ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મોટર સાયકલ રીક્ષાની નજીક લાવી પુનમબહેનના હાથમાંથી હેન્ડ બેગ ઝુટવી લઈ નાસી ગયા હતા. બેગમાં સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, રોકડ રૂપિયા ૪૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૪,૦૦૦/- મતા હતી. તેમજ જરૂરી દસ્તાવેઝ હતા. આ અંગેની ફરીયાદ પુનમબહેન બૈરાંગીએ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

## <u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૧૦૧/૨૦૨૦</u>

**ઓઢવઃ** યોગેશભાઇ રમેશભાઇ ઓડ (રહે. જસમાંનગર બળીયાદેવના જુના મંદીર પાસે લક્ષ્મીપુરા ગામ રોડ લાંભા ગામ નારોલ) એ તા.૨૭/૧૧/૨૦૨૦ સાજના ૮/૦૦ વાગે ઓઢવ સરણીયાવાસ પાસે આવેલ ખુલ્લા મેદાનમા આઇસર ડમ્પર નંબર જીજે ૦૬ વાયવાય ૪૯૭૯ કિમત રૂપિયા ૫,૫૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૦૧/૧૨/૨૦૨૦ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ યોગેશભાઈ ઓડ એ તા.૦૪/૧૨/૨૦૨૦ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**<u>ત્યજી દીધેલ શિશુ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૦૨/૨૦૨૦</u>**

**સરદારનગરઃ** તા.૦૪/૧૨/૨૦૨૦ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે નોબલનગર જયભોલે હોમ્સ પાસે કાચા રસ્તાની નજીકથી બે થી અઢી મહીનાનુ ત્યજી દીધેલ શિશુ જીવીત હાલતમાં મળી આવતા સરદારનગર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી અજીતસિહ છગનસિહ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૦૩/૨૦૨૦</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** ધરમેન્દ્ર ઉર્ફે ધમો સ/ઓ જગદિશભાઈ સિંગલ (ઉ.વ.૩૧) (રહે. દશરથ મુખીની ચાલી બ્લોક નંબર-૫ સામે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૨/૨૦૨૦ બપોરના ૧/૫૫ વાગ્યા પહેલા આંબેડકર બ્રીજ પાસે રેન્પ નંબર-૪૧ વોક-વે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

**ચાંદખેડાઃ** મોટેરા આશ્રમ ચોકડી પાસે નંદનવન સોસાયટી ખાતે રહેતા નિલેષભાઇ ઘનશ્યામભાઇ મહેશ્વરીની તેર વર્ષની પુત્રી મેઘા એ અગમ્ય કારણસર તા.૦૩/૧૨/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જયાં સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**નિકોલઃ** હર્ષદભાઈ અમરતભાઈ પટેલ (ઉ.વ.૪૫) (રહે. ગોકુલ ગેલેક્ષી રેસીડન્સી કઠવાડા ગામ નિકોલ) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૦૩/૧૨/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિહ ચેહરસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી